## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... સ્ત્રી પ્રતાડન કરવાનો કોઈ ઈરાદો ન હતો... પણ આને લાઈટ ચાલુ કરવા કહ્યું અને તેણે પંખો ચાલુ કરી દીધો...!!**

# શહેરના ખ-૬થી ખ-૭ વચ્ચેનો માર્ગ સીકસલેન બનાવવા રહીશોની માંગ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના ખ માર્ગને સીકસલેન બનાવવા માટેની મંજુરી તંત્ર કક્ષાએથી મળી ગઈ છે. ખ માર્ગની મંજુરી મળતા જે તે એજન્સી દ્વારા કામગીરી યુધ્ધના ધોરણે શરુ કરી દેવામાં આવી હતી. પરંતુ પાછળથી આ કામગીરીની ગતિ મંદ પડી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ખ-૬ સુધી સિકસલેનની કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે. ત્યારે ખ-૬ થી ખ-૭ સુધીનો માર્ગ ન બનતા સેકટર-૨૬ અને ૨૭ના રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. અધુરા માર્ગનું કામ સત્વરે શરુ નહી કરવામાં આવે તો સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

શહેરના સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ જણાવ્યા અનુસાર નગરમાં ક,ખ, ગ,ઘ, ચ,છ,જ નામાભિધાન ધરાવતા માર્ગ આવેલા છે. શહેરમાં વાહનવ્યવહાર જળવાઈ રહે અને અકસ્માતોની સંખ્યા ઓછી થાય તે માટે તંત્ર દ્વારા ઘ, ચ, અને જ માર્ગને સીકસલેન બનાવાયા છે. ત્યારે ક, ખ, અને ગ બાકી રહ્યા હતા. મહાત્મા મંદિર અને વાયબ્રન્ટ સમિટના પ્રસંગે વિદેશી મહેમાનો આવવાના હોવાથી તેઓને અગવડતા ન પડે તે માટે ખ માર્ગને સીકસલેન બનાવવાની મંજુરી આપવામાં આવી હતી. જેથી તાત્કાલીક યુધ્ધના ધોરણે કામ શરુ કરીને ખ-૦ થી ખ-૬ સુધી રોડ તૈયાર કરી દેવામાં આવ્યો છે. ત્યારબાદ ખ-૬થી ખ-૭ સુધીનો માર્ગ જૈસેથી જેવી પરિસ્થિતિમાં છે. કોન્ટ્રાકટરો માર્ગ અધુરો છોડીને ચાલ્યા ગયા છે. સે-૨૬ અને ૨૭ના રહીશોને સીકસલેન માર્ગથી વંચિત રાખવામાં આવ્યા છે. જેને પગલે રહીશોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ટુંક સમયમાં તંત્ર દ્વારા ખ માર્ગનું અધુરુ કામ શરુ નહી કરવામાં આવે તો સેકટર-૨૬ કિસાન નગર વસાહત મંડળ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી વસાહતીઓ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.



ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્કૂલ ઓફ એચિવરની રોલ બૉલ રમતની ત્રણ ખેલાડીઓએ પૂણે ખાતે યોજાયેલ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ શહેરનું નામ રોશન કર્યું છે. દેવાંશી ભાવેશકુમાર પટેલ, જીલ રાજનકુમાર કાકડિયા અને હેલી જયેશભાઈ શાહ નામની આ ત્રણેય ખેલાડીઓ ગુજરાતની ટીમમાંથી અન્ડર-૧૪ કેટેગરીમાં રમી હતી અને આ ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રોલ બોલની રમતનો ૪થો વિશ્વકપ ઢાકા ખાતે રમાવાનો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રોલ બોલની રમતમાં એક ટીમમાં કુલ ૧૨ ખેલાડીઓ હોય છે. જેમાંથી ૬ રમતમાં અને ૬ અવેજીમાં રહે છે. ત્રણેય ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા છે.

### જાતિ પ્રમાણપત્ર અંગે વિદ્યાર્થી-વાલીનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતા અનુ.જાતિ-આદિ જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને સમયસર જાતિ - આવકના પ્રમાણપત્ર તથા ક્રિમીલેયર સર્ટિફિકેટ માટે વાલીઓ -વિદ્યાર્તીઓની મિટીંગ યોજવામાં આવી હતી.

# ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો

### મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપતો કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બન્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ દ્વારા આયોજિત વાર્ષિક



સ્નેહમિલન કાર્યક્રમ તા. ૫મી ફેબ્રુઆરીના રોજ સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. દેશની કુલ વસ્તીના એક ટકાથી પણ ઓછુ અસ્તિત્વ ધરાવતા ''મહાજન'' સમાજ દ્વારા દર વર્ષે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાય છે.

સુવર્ણકારા મંડળના પ્રમુખ વસંતભાઈ સોનીના પ્રમુખપદ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં સમાજમાં વિવિધ ક્ષેત્રે પ્રદાન અને ગૌરવ બદલ વિશેષ સન્માન, ઉભરતી નેકસ્ટ જનરેશનના ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓનું સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમો, સમાજ ઉપયોગી માહિતિનું આદાન-પ્રદાન ઉપરાંત સમૂહ ભોજન સહિતનું આયોજન કરવામાં આવતુ હોય છે. ગત વર્ષે યોજાયેલા કાર્યક્રમમાં હેલ્થ ચેકઅપ કરાવીને સમાજને આરોગ્ય વિષયક માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ વર્ષે સરકાર જેને પ્રાધાન્ય આપી રહી છે એવા મહિલા સશક્તિકરણને ધ્યાને રાખીને સમાજની મહિલાઓ દ્વારા ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં વિવિધતામાં એકતા ધરાવતા ભારત દેશના વિવિધ રાજ્યોની વેશભૂષા ધારણ કરી હતી. આ કાર્યક્રમને ઉપસ્થિત તમામ સમાજજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈ મહિલાઓના સફળ પ્રયાસને બિરદાવ્યો હતો.

### જીઈસીએફના ગાર્ડ દેખાવો કરશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત વીન્ડસ્ટ્રિયલ સિક્યુરીટી ફોર્સ સોસાયટીના કર્મચારીઓ સરકારમાં કાયમી કરવા અને સાતમા પગાર પંચના લાભ મળે તે માટે આગામી ૮-૨-૧૭ના રોજ ઉપવાસી છાવણી ખાતે સવારે ૧૦થી ૪ વાગ્યા સુધી દેખાવો કરશે.

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરીટી ફોર્સ સોસાયટીના કર્મચારીઓ ગુજરાત સરકારની અલગ અલગ કચેરીમાં છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવે છે. તેઓને કાયમી કરવા અને સાતમા પગાર પંચનો લાભ આપવા તે બાબતે આગામી સમયમાં મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ગૃહ સચિવ, ચેરમેન જી.આઈ.એસ. એફ.એસ.ને આવેદનપત્ર આપી તેઓની ન્યાયી, વાજબી માંગણી સંતોષાય તેવી રજુઆત કરવાના છે.

### થેલી ખોવાયેલ છે

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપો પાસે બહારની સાઈડ આવેલ ફુટપાથ પર કાર્યરત હરસિધ્ધી ટી સ્ટોલ પર એક થેલી મનસુખભાઈ નામના વ્યકિતની ખોવાયેલ છે. જેમાં બે જોડ કપડા, ટુવાલ, તથા એક ડાયરીનો સમાવેશ થાય છે. જે કોઈ સેવાભાવી નાગરીકને આ ચીજવસ્તુ સાથેની થેલી મળી હોય તો ગાંધીનગર સમાચાર કાર્યાલય સેકટર-૮ બ્લોક નં- ૬૮૪-૧ ખાતે આપવા જણાવવામાં આવે છે.

### નલિયા મામલે કોર્ટ જ સીટ બનાવે તેવી માંગણી કરતું કોંગ્રેસ

દુષ્કર્મ કેસમાં સરકાર કોર્ટ મોનીટરીંગ ઈન્વેસ્ટીગેશન થવું જોઈએ તેવી માંગણી કરતા અબડાસાના ધારાસભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યુ છે કે કોર્ટ જ સીટ બનાવે તેવી અમારી માંગણી છે.

અબડાસાના ધારાસભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહીલે જણાવ્યુ હતુ કે છેલ્લા થોડા દિવસોથી સમગ્ર ગુજરાતમાં એક દિકરી ઉપર ભાજપના હોદ્દેદારો દ્વારા વારંવાર કરવામાં આવેલા બળાત્કારનો મુદ્દો સતત ચર્ચાઈ રહ્યો છે. તહોમતદારો પકડાવા જોઈએ એવી કોઈ કાર્યવાહી ભાજપના મોટા માથાઓના કારણે થતી નથી અને ઉલ્ટાને આસરો મળી રહ્યો છે. ફરીયાદ દાખલ કરનાર જેના ઉપર અત્યાચાર થયો હતો તેના તરફથી જ કહેવામાં આવ્યુ કે ભાજપના મોટા ગજાના રાજકીય લોકો માટે પણ આ બધી વ્યવસ્થા કરી આપીએ છીએ. અમારી પાસે આવુ ટોળુ છે. અમારૂ કોઈ કાંઈ બગાડી શકે તેમ નથી. ફરીયાદ સ્વયંસ્પષ્ટ છે. પગારના પૈસા લેવા માટે ઘરે બોલાવવામાં આવે અને પછી ઠંડા પીણામાં કેફી દ્રવ્ય પીવડાવી બેહોશ કરી તેના બિભત્સ વિડીયો કલીપીંગ ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી. જ્યાં અને જ્યારે બોલાવે ત્યાં એ દિકરીએ જવાનુ અને આવવા જવામાં તકલીફ ન પડે તેટલા માટે ભાજપના કાર્યકર્તાના ફોટા અને સિક્કાવાળુ ફોટો આઈકાર્ડ બનાવી આપવામાં આવેલુ. ભોગ બનનાર દિકરીએ એફીડેવીટ ભાજપના આઈકાર્ડવાળી કોર્ટ સમક્ષ રજુ કરી છે.



માણસા તાલુકાના ચરાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજથી આયુર્વેદની ઓ.પી.ડી.નો જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, પંચાયતના સદસ્યા કીર્તિબેન પટેલ, સભ્ય ભાવિનસિંહ, સરપંચ જીતુભાઈ ચૌધરી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

### બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા મ્યુઝીકલ નાઈટનું આયોજન

ગાંધીનગર, તા.૭

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા સમસ્ત બ્રહ્મ પરિવારના ટ્રસ્ટી મનિષ દિનકરરાય ત્રિવેદી તેમજ જાગૃતિબેન મનિષભાઈ ત્રિવેદીના સત્કાર સમારંભ થતા સમસ્ત બ્રહ્મ પરિવાર દ્વારા આયોજીત બ્રહ્મ સમાજ માટેની સીંગીંગ કોમ્પીટીશીનના વિજેતાઓની મ્યુઝીકલ નાઈટ આગામી તા.૧૦ ફેબુઆરીને શુક્રવારના રોજ સાંજે ૮.૩૦ કલાકે ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મ કલાકાર મલ્હાર ઠાકર તેમજ તેમની આગામી આવનારી ફિલ્મ દુનિયાદારીના સાથી કલાકારો હાજર રહેશે.

# મીસ્ટર ગુજરાત બોડી-બિલ્ડીંગમાં શહેરના યુવાને સિલ્વર મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજયના સુરત શહેરમાં મીસ્ટર ગુજરાત બોડી બિલ્ડીંગ ચેમ્પિયન શીપ - ૨૦૧૭



યોજાઈ હતી. જેમાં રાજયભરમાંથી વિવિધ કેટેગરીમાં બોડી-બિલ્ડરો આવ્યા હતા. જેમાં ગાંધીનગર શહેરના યોગેશ પાવસ્કરે (રાહુલ) બોડી બિલ્ડીંગની ૮૫ થી ૯૦ કિલોની કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવી ગાંધીનગર શહેરને ગૌરવ અપાવ્યું છે.

ગુજરાત બોડી-બિલ્ડીંગ એન્ડ ફિટનેશ એસોસિએશન અને હેલ્થ એન્ડ સ્ટ્રેન્થ એસોસિએશન સુરતના સંયુકત ઉપક્રમે તાજેતરમાં સુરત શહેરના અલ્થાન-ભટાર સીએમસી પાર્ટી પ્લોટ ખાતે મીસ્ટર ગુજરાત બોડી બિલ્ડીંગ ચેમ્પિયન શીપ - ૨૦૧૭ માં રાજયભરમાંથી આવેલા ફાઈનલ સ્પર્ધકો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. જેમાં ૮૫ થી ૯૦ કિલોની કેટેગરીમાં ગાંધીનગર શહેરના યુવાન અને ફિટનેસ ફસ્ટના સંચાલક યોગેશ પાવસ્કરે (રાહુલ) બીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા. શહેરના યુવાને કસરતબાજીમાં સિલ્વર મેડલ મેળવીને શહેરને ગૌરવ અપાવ્યું છે. ગુજરાત બોડી-બિલ્ડીંગ એન્ડ ફિટનેશ એસોસિએશન તરફથી વિજેતા યોગેશને રૂ.૬૦૦૦ રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રોટીનના ટીન આપવામાં આવ્યા છે. બાલાજી વ્યાયામ મંદિર ખાતે આવી પહોચેલા અંદાજે ૨૦૦ થી વધુ સ્પર્ધકનું વજન ચેક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૫૫ થી ૯૦ અને તેથી વધુની કેટેગરી માટે સ્પર્ધકોએ ઉમેદવારી નોંધાવી હતી. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં યોગેશ પાવસ્કરે જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી આ સ્પર્ધા માટે તૈયારી કરતો હતો. ફિટનેસ ફર્સ્ટ જીમમાં તેઓ સવાર-સાંજ થઈને ૬ કલાક વર્કઆઉટ કરે છે. આ સ્પર્ધા માટે મે બે મહિનાથી પ્રોટીનયુકત આહાર શરુ કર્યો હતો. જેમાં દરરોજ હું ૨૫૦ ગ્રા. પ્રોટીન, ૫૦૦ ગ્રા.ચીકન, ૨૪ ઈંડા, ૨૦૦ ગ્રા. કઠોળ, દુધ અને ડ્રાયફ્રુટ રોજનું ૨૦૦ ગ્રામનો સમાવેશ થાય છે. ત્યારે મિસ્ટર ગુજરાત બોડી બિલ્ડીંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ વિજેતા રાહુલ આગામી ઓગસ્ટ માસમાં મુંબઈ ખાતે યોજાનાર નેશનલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે અને તેની પણ તૈયારીઓ અત્યારથી આરંભી દીધી છે.

### શ્રી ચોર્યાસી જથ વાળંદ સમાજ દહેગામ દ્વારા ૨૨મો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

શ્રી ચોર્યાસી જથ વાળંદ સમાજ દહેગામના ઉપક્રમે બાવીસમો સમુહલગ્નોત્સ આગામી તા.૧૯ ફેબુઆરીને રવિવારના રોજ નિલકંઠ મહાદેવ મંદરિ દહેગામ-રખીયાલ રોડ તા. દહેગામ,જીલ્લો-ગાંધીનગર ખાતે યોજાશે.

જેમા નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. ૨૨માં સમુહલગ્નના ભોજનના દાતા સ્વ. કેશવલાલ મોતીભાઈ શર્મા છે. જયારે લગ્ન સમારોહના અધ્યક્ષ સ્થાને હિતેશ ઈશ્વરલાલ શર્મા હાજર રહેશે. ચોર્યાસી જથ વાળંદ સમાજના સર્વે જ્ઞાતિબંધુઓ નવદંપતિઓને આશિર્વાદ આપવા તેમજ મંગલમય ઉત્સવમાં સહભાગી બનવા પ્રમુખ નારાયણભાઈ વાળંદે અનુરોધ કર્યો છે.

# ડેપોમાંથી સવારે રાજકોટ-બોટાદ રૂટ માટે બસ સેવા શરૂ કરવા માંગ

ગાંધીનગર ડેપોથી રાજકોટ બોટાદ તરફ જવા માટે સવારના સમયે એકપણ બસ ન હોવાથી મુસાફરો અટવાય છે. સાંજના સમયે આ રૂટ માટે બસ સેવા ઉપલબ્ધ થાય છે. પરંતુ સવારે લાંબા સમયથી એકપણ બસ ન હોવાથી આ રૂટ માટે નવી બસ દોડાવવા માટે સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં શહેરી સર્વિસના રૂટની બસોની સેવા કથળી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં સરખેજ સહીત અમદાવાદ તરફ જવાના અન્ય રૂટની બસો અનિયમિત થતા મુસાફરો હાલાકી વેઠી રહયા છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાંથી છેલ્લા કેટલાક સમયથી બહારના રૂટની પણ કેટલીક બસ સેવા બંધ થતા મુસાફરોએ બસ સેવા માટે વલખા મારવાનો વારો આવ્યો છે. હાલ ગાંધીનગર ડેપોમાંથી દહેગામ હીંમતગનર તરફ જવા માટે પણ બસ મળતી ન હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. છેલ્લા ઘણાં સમયથી આ રૂટની બસના અભાવે પણ મુસાફરોને રાત્રિના સમયે ખાનગી વાહનોનો આશરો લેવો પડે છે. સાંજે ૭ વાગ્યા બાદ દહેગામ હીંમતનગર રૂટની બસ ન મળતા ઠંડીના દિવસોમાં મુસાફરો હાલાકી વેઠી રહ્યા છે. જયારે સવારના સમયે રાજકોટ બોટાદ રૂટમાં એક પણ બસ ન દોડતી હોવાથી મુસાફરોએ અમદાવાદ સુધી લાંબા થવુ પડે છે. હાલ રાજકોટ બોટાદ રૂટ માટે સાંજના સમયે બસ સેવા ઉપલબ્ધ છે. પરંતુ સવારના સમયે આ રૂટમાં જતા મુસાફરોની સંખ્યા વિશેષ છે.



**ગાંધીનગર ખાતે ઉત્તરાખંડના જ્યુડીશીયલ અધિકારીઓની તાલીમ**

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ઉત્તરાખંડનાં જ્યુડીશીયલ અધિકારીઓની તાલીમ અર્થે આવ્યા હતા. કુલ ૧૯ જ્યુડીશીયલ અધિકારીઓએ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી, ગાંધીનગરની વિવિધ ઈન્સ્ટીટયુટની મુલાકાત લીધી હતી. તેમજ થ્રેટ શિલ્ડ લેબ તથા બેલેસ્ટિક રિસર્ચ સેન્ટરની વિગતવાર માહિતી મેળવેલ છે. ગુજરાત ફોરેન્સિલ સાયન્સીસ યુનિવર્સિટીનાં મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસે ક્રિમિનલ જસ્ટીટ ડિલીવરી સિસ્ટમમાં ફોરેન્સિક સાયન્સની ઉપયોગીતા તેમજ પ્રવર્તમાન અત્યંત આધુનિક ટેકનોલોજી ગુન્હાના ઉકેલમાં કેવી રીતે ઉપયોગી નીવડે તે અંગે વિસ્તૃત જાણકારી જ્યુડિશયલ અધિકારીઓને આપી હતી. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતેની વિવિધ ટેકનોલોજીથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

# કોંગ્રેસ આગામી બજેટ સત્રમાં આક્રમક રજુઆતો કરશે

આગામી વિધાનસભા સત્રમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આક્રમકતાથી વિવિધ મુદ્દાઓની રજુઆત કરાશે. સરકારને જે પગલા લેવા હોઈ તે લે કારણ કે ૨૦૧૭નુંવર્ષપરિવર્તનનુંછે. ભાજપનું આ છેલ્લુ સત્ર છે એટલે ગુજરાતની પ્રજાએ નક્કી કર્યુ છે. ભાજપને કાઢો અને કોંગ્રેસને લાવો એમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ.

ગાંધીનગર ખાતે આજે કોંગ્રેસના ધારાસભ્યોની મળેલી બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યુ હતુ કે ગુજરાતની ભાજપ સરકાર ફક્ત ટેકનાલીટી પુરી કરવા માટે ૨૮ દિવસનુંબજેટ સત્ર બોલાવે છે અને બે દિવસનું કામકાજ વધે તો આસમાન તુટી પડે અને તેમનું શું થાય, એટલા માટે બંધારણની જોગવાઈઓ પ્રમાણે ટેકનાલીટી પુરી કરવા માટે બજેટ સત્ર એટલા દિવસો માટે જ બોલાવવામાં આવે છે. કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો આક્રમકતાથી બજેટ સત્રમાં પ્રજાલક્ષી મુદ્દાઓ લેશે. તેના માટે રણનીતિનું આયોજન કોંગ્રેસના હોદ્દેદારો આગેવાનો અને ધારાસભ્યોએ મળીને કર્યું છે.

# ગાંધીનગરની હેન્ડબૉલ ખેલાડી કૃતિકા ધુમાલને ''ડૉટર ઓફ ગુજરાત'' એવોર્ડ

### આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાત વતી દેશનું પ્રતિનિધિત્વ કરી ચુકેલ કૃતિકાને રાજ્ય સરકારે પણ જયદિપસિંહ એવોર્ડથી નવાજી હતી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની સે. ૨૪માં રહેતી હેન્ડબૉલ રમતની મહિલા ખેલાડી કૃતિકા શશિમોહન ધુમાલને તાજેતરમાં વર્લ્ડ ડૉટર્સ ડે ફાઉન્ડેશન તથા સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન દ્વારા ''ડૉટર ઓફ ગુજરાત''નો એવોર્ડ એનાયત કરાયો છે. કૃતિકા ધુમાલ ગુજરાતમાં હેન્ડબૉલ રમતની વરિષ્ઠ ખેલાડી છે અને રાજ્ય સરકાર દ્વારા અપાતા જયદીપસિંહ એવોર્ડ વિજેતા પણ રહી ચુકી છે.

સેક્ટર-૨૪માં રહેતી કૃતિકા ધુમાલ કોમ્પ્યુટર એન્જિનીયર છે અને હાલ ગુજરાત સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે સ્પોર્ટસ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં કરી રહી છે. ગુજરાત સરકાર દ્વારા મહિલા ખેલપ્રતિભાઓને સન્માનિત કરવા




ચાલુ કરાયેલા જયદીપસિંહ એવોર્ડની પ્રથમ વિજેતા કૃતિકા ધુમાલ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હેન્ડબૉલની રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચુકી છે. સ્વીડન ખાતે યોજાયેલ પાર્ટલી કપ ટૂર્નામેન્ટ ભારતીય ટીમમાં કૃતિકા એક માત્ર ગુજરાતની ખેલાડી તરીકે સામેલ થઈ હતી. આ વર્ષે કૃતિકાએ નેશનલ બીચ હેન્ડબૉલ ટૂર્નામેન્ટમાં પણ બ્રોન્ઝ મેડલ હાંસલ કરેલો છે. વર્લ્ડ ડૉટર્સ ડે ફાઉન્ડેશન તથા સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે સંયુક્ત આયોજિત સમારોહમાં કૃતિકા ધુમાલને ''આઉટ સ્ટેન્ડિંગ સ્પોર્ટસ પર્સનાલીટી'' કેટેગરીમાં ''ડૉટર ઓફ ગુજરાત''નો એવોર્ડ એનાયત કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કૃતિકા ધુમાલના પિતા શશિમોહન ધુમાલ ગાંધીનગરમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે હેન્ડબૉલ રમતના નેશનલ કોચ તરીકે ફરજ બજાવે છે. કૃતિકાને મળેલ એવોર્ડથી શહેરના ખેલજગતમાં આનંદનું મોજુ ફેલાયું હતુ.